નં. જમીન-૧/બિનખેતી ૬૫/એસ.આર-૧૧/૨૦૧૨

કલેક્ટર કચેરી, સાબરકાંઠા
હિંમતનગર, તા૬/૯/૨૦૧૨

<u>વાંચ્યો:-</u>

(૧) અરજદારશ્રી, જયેશકુમાર હીરાભાઈ પટેલ વિગેરેની તા.૨૮/૬/૨૦૧૨ ની અરજી.
(૨) નાયબ કલેક્ટરશ્રી, હિંમતનગરના પત્ર નં. જમીન/બી.ખે.-૬૫/વશી-૨૬૬૪/૨૦૧૨ તા.૨૭/૮/૨૦૧૨ થી વિરમતા કાગળો.
(૩) જુનીયર ટાઉન પ્લાનરશ્રી, હિંમતનગરના પત્રનં.એન.એ/હિંમતનગર/૧૫૫૩ તા.૨૨/૮/૨૦૧૨
(૪) ચીફ ઓફિસરશ્રી, હિંમતનગર નગરપાલિકાના પત્ર જા.નં.૨૫૨૫ તા.૧૬/૮/૨૦૧૨
(૫) અત્રેની કચેરીના પત્ર નં. જમીન/૧/બી.ખે.૬૫/એસ.આર.૧૧/૨૦૧૨ તા.૨૯/૮/૨૦૧૨
(૬) મામલતદારશ્રી હિંમતનગરના પત્ર નં. જમીન/વશી/૭૨૨૮ તા.૩૧/૮/૨૦૧૨
(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક'તા.૧/૭/૦૮

મોજે હિંમતનગર તા.હિંમતનગરની સીમના સ.નં.૩૫/૧/૭ ની ૧૯૨૨૩ ચોમી પૈકી ૩૪૧૮ ચોમી જમીનમાં રહેઠાણના હેતુ માટે બીનખેતી પરવાનગી મળવા અરજદારશ્રી પટેલ જયેશભાઈ હિરાભાઈ વિગેરેએ આમુખ- (૧) ની અરજીથી માગણી કરેલ છે. આ કામે અરજદારની અરજી દાખલ કરી સબંધિત ખાતાના અભિપ્રાય મંગાવવામાં આવેલા તથા ધોરણસરની દરખાસ્ત મામલતદારશ્રી હિંમતનગરે નાયબ કલેકટરશ્રી હિંમતનગર મારફતે આમુખ-(૨) ના પત્રથી અત્રે રજુ કરેલ છે.

આ કામે સબંધિત ખાતાઓના અભિપ્રાયો મંગાવતાં ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા હિંમતનગરે આમુખ-(૪) ના પત્રથી સરકારશ્રી ધ્વારા ટીપી સ્કીમ ૪ માટે તા.૨/૧૧/૧૧ ના નોટીફીકેશનથી ડ્રાફ્ટ સ્કીમની મંજુરી મળેલ હોઈ જે અતર્ગત ટીપી સ્કીમના પ્લાનીગ મુજબ ટીપી/ ડીપી રોડ તેમજ રીઝર્વેશન લેન્ડ સીવાયની જમીનમાં રહેણાંકના હેતુ સર રજુ થયેલ પ્લાનમાં મુકવામાં આવનાર તમામ આંતરીક રોડો, સ્ટ્રીટ લાઈટ, પાણી, ગટર, કોમનપ્લાટ વિગેરે માટે તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર સેવાઓ પુરી પાડવાની જવાબદારી ડેવલપરની હોઈ જેનો ફરજયાત પણે અમલ કરવા તેમજ ડીસ્ટ્રીકટ ઈન્સપેકટર ઓફ લેન્ડ રેકર્ડ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ/આવનાર માપણી સીટ ઉપર મુળ ટીપ્પણની હદ દર્શાવી તદ્દાનુસાર સ્થળ ઉપર સરકારીશ્રી ધ્વારા ટીપી સ્કીમ નં.૪ માં નિયત થયેલ ઓરીજીનલ પ્લોટ (ઓ.પી.) તેજમ ફાઈનલ પ્લોટ (એફ.પી.) મુજબ હદ ખુટ મારી, જુનીયર ટાઉન પ્લાનરશ્રીનો તાંત્રીક અભિપ્રાય મળેથી સામાન્ય સભાના ઠરાવ નં.૫૭ તા.૮/૭/૧૦ તેમજ સા.સ.ઠ નં.૨૦ તા.૪/૪/૧૧ ના ઠરાવને ધ્યાને લેતા સ.નં.૩૫/૧/૭ ની ઓ.પી મુજબની ૧૯૨૨૩ ચો.મી જમીન પૈકી એફ.પી મુજબની ૧૫૦૧૭ ચો.મી જમીન પૈકી ૩૪૧૮ ચોમી જમીનમાં પ્રવર્તમાન જીડીસીઆરની જોગવાઈઓ અનુસાર ૧:૧.૨ ના એફએચઆઈના ધોરણમાં બાંધકામ કરવાની શરતે તેમજ નિયમાનુસાર કુલ એફએચઆઈના ૧૫ ટકા પાર્કિંગ રાખવાની શરતે રહેણાંકના હેતુ સર બીનખેતી ઉપયોગની મંજુરી આપવા અભિપ્રાય આપેલ છે.

જુનીયર ટાઉન પ્લાનરશ્રી હિંમતનગરે આમુખ-(૩) ના પત્રથી રજૂ થયેલ સુચિત લે-આઉટ પ્લાનની પ્રાવૈધિક ચકાસણી કરી ક્ષતિ રહીત જણાતા શરત નં. (૧) થી (૧૪) ને આધીન પ્લાન મંજૂર કરી અભિપ્રાય આપેલ છે.

આ ઉપરાંત અન્ય ખાતાઓના તેઓને સબંધિત જમીન સંપાદન અંગે/ રેખા નિયંત્રણ અંગે/ટેલીફોન લાઈન /વીજલાઈન/સિંચાઈ અંગે/ ગણોતધારા કે સિલીંગ ધારા/ આરોગ્ય અંગે તેમજ ઔધોગિક ઝોન બાબતે હકારાત્મક અભિપ્રાયો રજૂ થયેલ છે.

Scanned by CamScanner

આમુખ-(૨) થી રજુ થયેલ દરખાસ્ત જોતા મામલતદારશ્રી હિંમતનગરે તેમજ નાયબ કલેકટરશ્રી હિંમતનગરે જમીનનું ટાઈટલ કલીયર છે જે જમીન જુની શરતની છે બીનખેતી પ્રીમીયમને પાત્ર નથી. જેથી અરજદારશ્રીને બીનખેતીની મંજુરી આપવા વાંધા સરખું ન હોઈ મંજીર આપેવા અભિપ્રાય આપેલ છે.

સવાલવાળી મોજે હિંમતનગર તા.હિંમતનગરની સીમના સ.નં ૩૫/૧/૭ પૈકીની ૩૪૧૮ ચો.મી જમીનમાં રહેઠાણના હેતુ માટે રૂપાંતર કર પ્રતિ ચો.મીએ રૂા. ૨/- લેખે ગણતરી કરતા કુલ રૂા.૬૮૩૬/- તથા વિષેશધારાની રકમ રૂા.૫૧૩/- ભરપાઈ કરવા આમુખ-(૫) ના પત્રથી જાણ કરતા અરજદારશ્રીએ રૂપાંતર કરની રકમ રૂા.૬૮૩૬/- ''૦૦૩૫ કૃષિવિષયક જમીન સિવાયની સ્થાવર મિલકત પર કર'' સદરે ભારતીય સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા હિંમતનગર શાખામાં ચલણ નં.૧૮૪/૧૨ તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ જમાં કરાવી અસલ ચલણ મામલતદારશ્રી હિંમતનગરની કચેરીએ રજુ કરતા મામલતદારશ્રી હિંમતનગરે તેઓના આમુખ-(૬) ના પત્રથી ઉકત ચલણની તિજોરી કચેરી સાથે મેળવણુ કરી ચલણ વેરીફાઈ કરાવી અહેવાલ અત્રે મોકલી આપેલ છે. વધુમાં અરજદારે વિષેશધારાની રકમ રૂા.૫૧૩/- જમીન મહેસુલ પહોચ નં.૬૬ તા.૩૦/૮/૨૦૧૨ થી તલાટીશ્રી, હિંમતનગરની કચેરીએ જમાં કરાવેલ છે.

સબબ ઉપરની વિગતે મોજે હિંમતનગર તા.હિંમતનગરની સીમના સ.નં.૩૫/૧/૭ ની ઓ.પી મુજબની ૧૯૨૨૩ ચો.મી જમીન પૈકી એફ.પી મુજબની ૧૫૦૧૭ ચો.મી જમીન પૈકી ૩૪૧૮ ચો.મી જમીનમાં કોમન પ્લોટ ની ૩૫૦.૧૦ ચો.મી અને રોડ તથા માર્જીનની ૧૮૪૯.૯૮ ચો.મી જગ્યા ખુલ્લી રાખી બાકીની ૧૨૧૭.૯૨ ચો.મી જમીનમાં બાંધકામ કરવા જુનીયર ટાઉન પ્લાનરશ્રી હિંમતનગરે આમુખ-(૩) થી મંજુર કરેલ લે-આઉટ પ્લાન મુજબ નીચેની વધારાની શરતોને આધિન જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫ હેઠળ રહેઠાણના હેતુ બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો :-</u>

(૧) મોજે હિંમતનગર તા.હિંમતનગરની સીમના સ.નં.૩૫/૧/૭ ની ઓ.પી મુજબની ૧૯૨૨૩ ચો.મી જમીન પૈકી એફ.પી મુજબની ૧૫૦૧૭ ચો.મી જમીન પૈકી ૩૪૧૮ ચો.મી જમીનમાં કોમન પ્લોટ ની ૩૫૦.૧૦ ચોમી અને રોડ તથા માર્જીનની ૧૮૪૯.૯૮ ચોમી જગ્યા ખુલ્લી રાખી બાકીની ૧૨૧૭.૯૨ ચોમી જમીનમાં બાંધકામ કરવાની શરતે જુનીયર ટાઉન પ્લાનરશ્રી હિંમતનગરે મંજુર કરેલ લે-આઉટ પ્લાન મુજબ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫ હેઠળ રહેઠાણના હેતુ માટે બીનખેતીની મંજુરી આપવામાં આવે છે જયારે અન્ય હેતુ માટનો ઉપયોગ શરતભંગ ગણાશે.

(૨) પ્રશ્નવાળી જમીનમાં કોઈપણ પ્રકારનો વિકાસ સક્ષમ વિભાગ પાસેથી પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ વિકાસ કરવાનો રહેશે.

(૩) મહેસુલી બીનખેતીના નિયમો અનુસાર બીનખેતી કરાવનાર માલિક ધ્વારા બીનખેતી થનાર જમીનમાં મુકવામાં આવનાર આંતરીક રોડો, સ્ટ્રીટ લાઈટ, પાણી, ગટર, કોમન પ્લોટ વિગેરે તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર સેવાઓ પુરી પાડવાની જવાબદારી ડેવલોપરની રહેશે.

(૪) જુનીયર ટાઉન પ્લાનરશ્રીએ પત્ર નંબર એન.એ/હિંમતનગર/૧૫૫૩ તા.૨૨/૮/૨૦૧૨ થી મંજુર કરેલ લેઆઉટ પ્લાન મુજબ શરત નં.૧ થી ૧૪ નો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

Scanned by CamScanner

(૫) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મુળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજુ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ સત્તાએ મંજુર કરાવેલ હોવો જોઈશે.

(૬) બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે, પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

(૭) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજુર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૮) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૯) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૧૦) આ હુકમની તારીખથી છ માસમાં બિનખેતી ઉપયોગ શરુ કરવાનો રહેશે. ઓટલીયું જમીનની સપાટીથી બે ફુટ ઉંચુ રાખવાનું રહેશે.બાંધકામ ચાલુ કર્યેથી એક માસમાં અને પુર્ણ કર્યેથી એક માસમાં તલાટીશ્રી મેસસ્સ (હસ્તલિખિત: ટીડીઓ/મામલતદાર) મારફતે લેખિતમાં જાણ કરવાની રહેશે. અને ત્રણ વર્ષમાં તમામ મકાનોના બાંધકામ પુર્ણ કરવાના રહેશે.અને અત્રેની લેખિતમાં મંજુરી મેળવ્યા સિવાય નકશામાં દર્શાવેલ બાંધકામમાં તેમજ નકશાની સ્થિતિમાં કોઈ પણ સુધારો વધારો કે ફેરફાર કરી શકાશે નહી.

(૧૧) જમીન મહેસુલ નિયમો મુજબ નકકી કરેલ નમુના-એમમાં સનંદ અપીલ પીરીયડ પુરો થયે ભરી આપવી પડશે. સનંદમાં ફક્ત બાંધકામ કરવાની જમીનનું ક્ષેત્રફળ ન દર્શાવતા બી.એ. કેરવેલ સમગ્ર જમીનનું ક્ષેત્રફળ દર્શાવવાનું રહેશે. અને તેમાંની લેખિત શરતો તથા હુકમની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા માર્જીનની ખુલ્લી જમીનમાં અડચણરુપ ન થાય તે રીતે ફરજીયાત વૃક્ષારોપણ કરવાનું રહેશે.

(૧૩) મંજુર થયેલ નકશામાં દર્શાવેલ માપો મુજબ રહેઠાણના હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. અગાઉથી કલેકટરશ્રીની મંજુરી સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી.

(૧૪) હવે પછી બિલ્ડીંગ રેગ્યુલેશન અગર એડહોક રેગ્યુલેશન લાગુ પાડવામાં આવે તેનું પાલન કરવું પડશે.

(૧૫) સદર જમીનમાંથી કુદરતી પાણીના નિકાલની વ્યવસ્થા અરજદારે સ્વખર્ચે કરાવી લેવાની રહેશે.

(૧૬) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા.૧૩/૯/૯૩ થી કરાવેલ સાર્વજનિક પ્લોટ અને રસ્તાની જોગવાઈ અંગેની નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

Scanned by CamScanner

૧) સાર્વજનિક પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સવે પ્લોટ હોલ્ડરોની સહીયારી માલીકીની ગણાશે. તે ઉપર મુળ માલીકનો કોઈ હકક રહેશે નહિં. આ મતલબની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરી તેની અત્રે મોકલી આપવાની રહેશે.

૨) સાર્વજનિક પ્લોટ અને રસ્તાની જમીનનું વેચાણ મોર્ગેજ બક્ષિસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલ થઈ શકશે નહિં.

૩) સાર્વજનિક પ્લોટ અને રસ્તા માટેની ખુલ્લી જમીનનો બીનખેતી આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારે અને પ્લોટ વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

૪) રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતા રસ્તાનો ઉપયોગ સોસાયટીના રહીશોએ જ સહીયારો કરવાનો રહેશે.

૫) રસ્તા માટેની ખુલ્લી જમીનનો ઉપયોગ અવરજવર માટે આજુબાજુના સોસાયટીના રહીશોને કબજેદાર આપેલ સંમતી મુજબ ભોગવટો કરવા દેવાનો રહેશે.

(૧૭) તા.૨૬/૧/૨૦૦૧ના રોજ આવેલ તીવ્ર ભુકંપના કારણે મકાનો પડી જવાના અને નુકશાન થવાથી હવે પછી બીનખેતી મંજુરીના કિસ્સામાં મંજુરીના હુકમમાં ભુકપની પરિસ્થિતિ ધ્યાને લઈ અરજદારે નીચે જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે અને સ્થાનિક મ્યુ.બરોની બાંધકામની રજાચિઠ્ઠી આપતી વખતે પ્લોટના માલીકે નીચેની શરતો પરિપુર્ણ થાય તે પ્રકારના પ્લાન બાંધકામની મંજુરી આપવાની રહેશે. આ શરતોનું પાલન થાય છે કે નહીં તેની બાંધકામની પરવાનગી આપતી સંસ્થા/કચેરીએ કરવાની રહેશે.

૧: ભારત સરકારશ્રીના નેશનલ બીલ્ડીંગ કોડ અનુસાર લાગુ પડતી શહેરી સત્તા મંડળ ધ્વારા બાંધકામ માટેના જે કોઈ ધારાધોરણ અને નિયત નિયમો બાંધકામ માટેના નકકી કરે તે ધારાધોરણ માટેની મંજુરી એજન્સી પાસેથી મંજુરી મેળવ્યા પછી જ બાંધકામ હાથ ધરી શકશે તે શરતે આ બીનખેતીની મંજુરી આપવામાં આવે છે. આવું બાંધકામ કોઈપણ પ્રકારની મંજુરી વિના શરૂ ન થાય તે જોવાની જવાબદારી બીનખેતીની મંજુરી કરાવનાર જમીન ધારકની રહેશે.

૨: ઉપરોક્ત બીનખેતી થનાર જમીન પર જે કંઈ બાંધકામ કરવામાં આવે તે બાંધકામ કરનાર કોન્ટ્રાકટરની સંપુર્ણ વિગતો તમામ સબંધિત સરકારી, બીન સરકારી એજન્સીઓને બાંધકામ ખાતેદાર વ્યકિતએ પુરી પાડવાની રહેશે અને મકાન ખરીદનાર તમામ મકાન ધારકોને પણ આ બાંધકામ કઈ વ્યકિતએ અથવા કોન્ટ્રાકટરે હાથ ધરેલ છે તેના નામ, સરનામા સાથેની સંપુર્ણ વિગતો પણ પ્રમાણિત નકલ સાથે પુરી પાડવાની રહેશે. સરકારશ્રીની જુદીજુદી એજન્સીઓ ધ્વારા બાંધકામ રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટરના રજી. માટે જે કંઈ ધોરણો, સુચનાઓ બહાર પાડવામાં આવે તે પ્રમાણે બીલ્ડરનું રજીસ્ટર ફરજીયાત કરાવી તમામ સબંધિતોને તેની લેખિતમાં જાણ કરવાની રહેશે.

Scanned by CamScanner

(૧૮) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૮/૨/૨૦૦૩ના પરિપત્ર નં.બખપ/૧૦૨૦૦૨/ ૧૯૦૭/ક થી વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૧૯) વરસાદી પાણીના ભુર્ગભ વહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન(નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજુરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૨૦) જુનીયર ટાઉન પ્લાનરશ્રી, હિંમતનગરના પત્ર નં. એનએ/હિંમતનગર/૧૫૫૩ તા.૨૨/૮/૨૦૧૨ થી મંજુર કરેલ/ વેરીફાય કરેલ પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે. તેમજ પ્લાનમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ પ્રતિહસ્તાક્ષર કરેલ છે જે પ્લાન આ સાથે સામેલ છે.

(૨૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧/૭/૦૮ ના ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક નું પરિશિષ્ટ-૪ હુકમ સાથે સામેલ છે. તેમાં ઉલ્લેખાયેલ શરતોનું પાલન અરજદારે કરવાનું રહેશે અને અરજદાર તેમાંની કોઈ પણ શરતનો ભંગ કરશે તો શરતભંગની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૨) આ બીનખેતી આદેશની નોંધ ગામ નમુના નં.-૬ માં સરકારશ્રીના મહેસુલ તપાસણી કમિશ્નરશ્રીના તા.૧૨-૯-૨૦૧૧ ના પત્રમાં જણાવેલ નોંધના નિયતનમુના (નકલ સામેલ રાખેલ છે.) તે મુજબ કરવાની રહેશે.

(૨૩) રસ્તા કે માર્જીનની જમીનમાં કોઈપણ પ્રકારનુ બાંધકામ કરી શકાશે નહી. અને જો કરવામાં આવશે તો તે દુર કરવાનુ રહેશે.

(૨૪) ૧. રહેઠાણ માટેની બીનખેતીના કિસ્સમાં આંતરીક રસ્તાઓ મુખ્ય રસ્તા સાથે મળવા હોવા જોઈએ.

૨. બીનખેતી મંજુરી મેળવનારે આંતરીક રસ્તાઓ બારમાસી પાકા કરાવવાના રહેશે.

૩. ઉપર મુજબની રસ્તાઓની સુવિધા કર્યા બાદ જ બાંધકામ રજા ચિઠ્ઠી આપવાની રહેશે.

(૨૫) માપણી ફીની રકમ ડી.ઈ.લે.રે.શ્રીની હિંમતનગરની કચેરીએ જમા કરાવી માપણી કરાવી લેવાની રહેશે.

(૨૬) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧/૭/૦૮ ના ઠરાવ ક્રમાંક બખપ/૧૦૦૬/૪૨૫/ક નુ પરિશિષ્ટ-૪ હુકમ સાથે સામેલ છે. જેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે. તેમજ તેમાં ઉલ્લેખાયેલ શરતોનુ પાલન અરજદારે કરવાનું રહેશે અને અરજદાર તેમાંની કોઈ પણ શરતનો ભંગ કરશે તો શરતભંગની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૭) ઉપરની શરતો-૧ થી ૨૬ માં જણાવેલ મજકુર હોવા છતાં આ મંજુરીની શરતો વિરુધ્ધ જો કોઈ પણ બાંધકામ કરવામાં આવશે તો સક્ષમ અધિકારી નક્કી કરે તે સમયમાં કઢાવી નાખવાનું કે ફેરફાર કરવાનું કાર્ય ઠરાવેલ સમય સુધીમાં નહીં કરવામાં આવે તો સક્ષમ અધિકારી અમલ કરાવી લેશે અને તે અંગે થયેલ ખર્ચની જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે.

Scanned by CamScanner

ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી શરતોના ભંગ બદલ શિક્ષા કરવા ઉપરાંત બિનખેતીની પરવાનગી રદ કરી શકાશે. અને કબજેદારને વગર મંજુરીએ ઉપયોગ બદલ જમીનમાંથી દુર કરી શકાશે.

હુકમની ગામ / તાલુકા દફતરે શરતો સહિત નોંધ કરવી.

બિડાણ:- (૧) નકશો
(૨) પરિશિષ્ટ નં.-૪
(૩) નોંધનો નમુનો.

સહી/-
કલેકટર સાબરકાંઠા

પ્રતિ,
પટેલ જયેશભાઈ હિરાભાઈ વિગેરે
રહે.હિંમતનગર તા.હિંમતનગર
ર/- પ્લાનની નકલ સામેલ છે.

૧. નકલ રવાના :- મામલતદારશ્રી, હિંમતનગર તરફ (બે નકલમાં)
ર/- એક નકલ ગામ દફતરે રાખી ગા.ન.નં. ૬ માં બીનખેતીની પરવાનગીની નોંધ કરાવી અહેવાલ કાગળો સાથે સામેલ રાખવો અને ગા.ન.નં.ર માં ઉપજ પકડવા સારુ તેમજ સનંદ ભરાવી અત્રે કાઉન્ટર સહી માટે મોકલવા તથા તા.ન.નં. ૪ માં ઉપજ ચઢાવી સ્લીપ મંજુર કરાવી ઉપજ લીધાની પહોંચ અને બિનખેતીની પરવાનગી નોંધની મંજુર થયેલ નકલ સાથે અહેવાલ દિન-૩૦ માં મોકલી આપવી.

૨. નકલ રવાના :- ડી.ઈ.લે.રે શ્રી હિંમતનગર તરફ ( પ્લાન સાથે )
ર/- માપણી ફીની રકમ વસુલ લવા તેમજ અરજીની વિગતો સાથે રેકર્ડ સર્વે દુરસ્તી અંગે ઘટતું થવા સારુ.

૩. નકલ રવાના :- તલાટીશ્રી, હિંમતનગર તરફ(પ્લાન સાથે).
ર/- ઉપજ તથા અન્ય વેરાઓની દિન-૫ માં કબજેદારશ્રીથી વસુલાત લેવા સારૂ

નકલ જયભારત સહ રવાના :-

૧ નાયબ નગરનિયોજકશ્રી (જુ) હિંમતનગર
૨ નાયબ કલેકટરશ્રી, હિંમતનગર તરફ
૩ પ્રમુખશ્રી, હિંમતનગર નગરપાલીકા તરફ જરુરી કાર્યવાહી સારુ.
૪ કા.ઈશ્રી. મા.અનેમ. વિભાગ હિંમતનગર તરફ જાણ સારૂ.

રવાના કર્યું

ચીટનીશ ટુ કલેકટર
સાબરકાંઠા, હિંમતનગર

Scanned by CamScanner